# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## જાહેરાત

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે તા.૨૬/૦૪/૨૦૧૯, શુક્રવારના રોજ લેવાનાર ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) - ૨૦૧૯ ની પરીક્ષાનું એડમીશન કાર્ડ (પ્રવેશિકા/Hall Ticket) તા.૧૬/૦૪/૨૦૧૯ ના રોજ ફક્ત ઓનલાઇન બોર્ડની વેબસાઇટ gseb.org અને gsebht.in પર મૂકવામાં આવેલ છે. જે બાબતની જાણ ગુજકેટ-૨૦૧૯ ના તમામ ઉમેદવારો, વાલીઓ તથા રાજ્યની વિજ્ઞાનપ્રવાહની તમામ ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓને કરવામાં આવેલ હતી.

વધુમાં જણાવવાનું કે ગુજકેટ-૨૦૧૯ ની પરીક્ષામાં ઉપસ્થિત થનાર ઉમેદવારો પૈકી તા.૨૨/૪/૨૦૧૯ સુધીમાં અંદાજે ૭૦૦૦ જેટલા ઉમેદવારોએ એડમીશન કાર્ડ(પ્રવેશીકા) ઓનલાઇન મેળવેલ નથી, તેવા ઉમેદવારોને પોતાનું એડમીશન કાર્ડ(પ્રવેશીકા) સત્વરે મેળવી લેવા જણાવવામાં આવે છે.

ઉક્ત ઉમેદવારોને SMS થી પણ જાણ કરવામાં આવી છે. આથી પરીક્ષામાં ઉમેદવારોને કોઇ તકલીફ ન થાય તે માટે સુચવ્યા મુજબ કાર્યવાહી કરી લેવા વિનંતી કરવામાં આવે છે. પ્રવેશિકા નહી મેળવવાથી જે જવાબદારી ઉપસ્થિત થશે તે સંબંધિત વિદ્યાર્થીની જ રહેશે જેની નોંધ લેવી.

સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તા - ૨૨/૦૪/૨૦૧૯, સોમવાર
સ્થળ - ગાંધીનગર